ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# ગાંધીનગર પાણીનો સૌથી વધુ બગાડ કરતુ શહેર

**નાગરિકોને આપવામાં આવતા પેયજળના જથ્થામાંથી અંગત બગીચાઓ, કાર વોશીંગ વગેરેમાં સૌથી વધુ બગાડ : જિલ્લો ઓવર એક્સપ્લોઈટેશનને કારણે ડાર્કઝોનમાં**

ગાંધીનગર, તા. ૮

સમગ્ર વિશ્વમાં જ્યારે જળ સંપત્તિ દિવસ ઉજવાઈ રહ્યો છે ત્યારે ગાંધીનગર શહેર અને જિલ્લામાં પીવાના શુદ્ધ પાણીની સમસ્યા હજુ પણ મ્હોં ફાડીને ઉભી છે. જિલ્લાના ૧૭૦ ગામોમાં પીવાના પાણીમાં ફ્લોરાઈડની માત્રા વધુ પ્રમાણમાં જોવા મળી રહી છે. તેમજ સમગ્ર જિલ્લો ભૂગર્ભ જળના ઓવર એક્સ્પ્લોઈટેશનને કારણે ડાર્ક ઝોનમાં મુકવામાં આવેલો છે. આ ઉપરાંત ગાંધીનગર શહેર એ રાજ્યનું સૌથી વધુ પાણીનો બગાડ કરતુ શહેર જાહેર કરવામાં આવ્યુ છે.

ગાંધીનગર શહેરમાં હાલ લગભગ ૫૫ એમએલડી જેટલો પીવાના પાણીનો પુરવઠો આપવામાં આવી રહ્યો છે. આ ઉપરાંત નગરના બગીચાઓ

## સમયસર

તેમજ રોડ વચ્ચેના ડીવાઈડર્સના વૃક્ષો માટે રીસાઈકલીંગ કરેલુ ૧૦ એમએલડી પાણી વાપરવામાં આવે છે. નાગરિકોને આપવામાં આવતા પેયજળમાંથી અંગત બગીચાઓ માટે તેમજ કાર વૉશીંગ અને અન્ય કામો માટે સૌથી વધુ પાણીનો બગાડ ગાંધીનગર શહેરમાં કરવામાં આવે છે તેવુ ટાટા કન્સલટન્સી દ્વારા હાથ ધરાયેલ એક સર્વે રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે. આ સર્વે રિપોર્ટ મુજબ નગરમાં પાણીની મોટાભાગની પાઈપલાઈનો ૩૦ વર્ષથી વધુ પુરાણી હોવાને કારણે લીકેજનું પ્રમાણ વધારે રહે છે જેના કારણે પાણીનો ટ્રાન્સમીશન અને ડીસ્ટ્રીબ્યુશનલોસ પણ ખૂબ વધારે નોંધાયો છે.

ગાંધીનગર જિલ્લામાં માણસા તાલુકામાં પીવાના પાણીમાં ફ્લોરાઈડની માત્રા સૌથી વધુ જોવા મળી રહી છે. આ ઉપરાંત હજુ પણ જિલ્લાના ૧૦૦ ગામોમાં પીવાના શુદ્ધ પાણીનો પુરવઠો પુરતો અપાતો નથી. જિલ્લામાં ઓવર એક્સ્પ્લોઈટેશનને કારણે ભૂગર્ભ જળનું સ્તર દિવસે ને દિવસે ઉંડુ જઈ રહ્યું છે. જેથી જિલ્લાને ડાર્કઝોન કક્ષામાં મુકવામાં આવ્યો છે. વિશ્વ જળ સંપતિ દિવસે આ અંગે ગહન વિચારમનન કરવાનો અને ભવિષ્યના સંકટો પ્રત્યે જાગૃત થઈ પાણીનું યોગ્ય વ્યવસ્થાપન ગોઠવવાનો સમય પાકી ગયો છે. આ સાથે નાગરિકોએ પણ પાણીનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવાની તાતી જરૂરિયાત રહેલી છે.

# જિલ્લામાં માર્ગ અકસ્માતના બનાવો નિયંત્રીત કરવા કવાયત

**એક જ સ્થળે બે થી વધુ અકસ્માતમાં મૃત્યુ થયા હોય તેવા સ્થળો : સર્વે કરીને લીસ્ટ આઉટ કરાયા : ૫૦ થી વધુ આવા સ્થળો નિકળ્યા તેનો અભ્યાસ કરીને બમ્પ, કટ બનાવવા સહીતનો નિર્ણય લેવાશે**

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લામાં માર્ગ અકસ્માતના બનાવોમાં અને તેમા મૃત્યુનાં કિસ્સાઓમાં ચિંતાજનક વધારો થતાં આ બાબતને ગંભીરતાથી લઈને જિલ્લા ટ્રાફીક પોલીસ નેશનલ હાઈવે, સ્ટેટ હાઈવે અને આર એન્ડ બી સહીતના તમામ સંબંધીત તંત્રોએ માર્ગ અકસ્માત નિયંત્રીત કરવા કવાયત હાથ ધરી છે. છેલ્લા પાંચ વર્ષમાં જિલ્લામાં જે સ્થળે બે કે તેથી વધુ અકસ્માતમાં મૃત્યુ થયા હોય તેવી જગ્યાઓનો સર્વે કરી લીસ્ટ આઉટ કરવામાં આવ્યા છે. ચોંકાવનારી બાબત એ છે કે જિલ્લામાં આવા ૫૦ થી પણ વધુ વિસ્તારો સર્વેમાં ધ્યાને આવ્યા છે. જેમાં અકસ્માતમાં બે થી વધુ બનાવો અને મૃત્યુ થયા છે.

આરએન્ડબી તથા સ્ટેટ અને નેશનલ હાઈવે ઓથોરીટીના પ્રતિનિધિને સાથે રાખીને જિલ્લા ટ્રાફિક પોલીસ દ્વારા કરવામાં આવેલા આ સર્વે બાદ હવે લીસ્ટ આઉટ કરાયેલા આ સ્થળોએ શુ કરવાથી અકસ્માતો નિયંત્રીત થશે તેનો અભ્યાસ શરૂ કરાયો છે. જરૂર જણાશે ત્યાં બમ્પ, કટ, સર્કલો નાના-મોટા કરવા, સાંકળા માર્ગને પહોળા કરવા તથા અકસ્માત ઝોન જાહેર કરી ત્યાં સાઈન બોર્ડ મુકવા ઉપરાંત રોડ ડીઝાઈન બદલવા સુધીનો નિર્ણય લઈ અકસ્માતો અટકાવવાનો પ્રયાસ હાથ ધરવામાં આવશે. આ મામલે ત્રણથી વધુવાર ઉચ્ચસ્તરે બેઠક યોજીને જરૂરી અભિપ્રાયો પણ ઈજનેરો પાસેથી મંગાવાયા હોવાનું જાણવા મળ્યું છે.

## સંધ્યાનું સૌંદર્ય



(તસવીર : કશ્યપ નિમાવત)

# નગરમાં શેરડીથી ઉત્પન્ન થતી કાળી જીવાતનો ઉપદ્રવ

**ઘેર ઘેર પહોંચેલી આ કાળી જીવાત મુખ્યત્વે મોં આગળ જ ફરતી રહે છે**

ગાંધીનગર, તા. ૮

કાળઝાળ ગરમીમાં ઠંડક મેળવવા લોકો યેનકેન પ્રકારે પ્રયાસ કરે છે. જેમાં ખાદ્ય ચિજવસ્તુઓ પણ ખાસ ઉપયોગ થાય છે. હાલ નગરમાં સૌથી વધારે શેરડીના રસનું ચલણ રહ્યુ છે. જેથી ઠેર ઠેર શેરડીના રસના સેન્ટરો ખુલી ગયા છે એ આ સેન્ટરો ઉપર સવાર સાંજ બહારથી શેરડી મંગાવાઈ રહી છે. આ શેરડી થકી ઉત્પન્ન થતી કાળી જીવાત લોકોને હેરાન પરેસાન કરી રહી છે. ગળપણના કારણે શેરડી હોય ત્યાં આ જીવાત પહોંચી ગઈ છે. અને મુખ્યત્વે મોં આગળ જ ઘુમરાયા કરતી આ કાળી જીવાત જલ્દીથી નાશ ન થતો હોય લોકો હેરાન પરેશાન થઈ ગયા છે.



(તસવીર : દિપક જાની)

નગરમાં પ્રવેશવાના માર્ગોની આજુબાજુ સહિત નગરમાં અનેક સ્થળોએ શેરડીનો રસ કાઢવાના સેન્ટરોનો રાફડો ફાટી નીકળ્યો છે. ગરમીમાં ત્રાહીમામ પોકારી ગયેલા લોકો શેરડીનો રસ પી ને ઠંડક મળ્યાની અનુભુતી કરી રહ્યા છે. જો કે આ સેન્ટરો ઉપર બહારથી લાવવામાં આવતી શેરડીઓમાં અસંખ્ય કાળી જીવાત આવે છે અને ગળપણ હોવાથી સતત શેરડીના સાંઠા આસપાસ જોવા મળે છે. આ કાળી જીવાત શેરડી પછી વાતાવરણમાં ભળી જઈ લોકોના ઘેર ઘેર પહોંચી ગઈ છે. અને વાત કરવામાં કે જમવા બેસતી વખતે મોં આગળ જ ફરતી રહેતી આ જીવાત હેરાન પરેશાન કરી રહી છે.

કાળઝાળ ગરમીમાં પણ નગરમાં આ વર્સે જ દેખા દીધેલી આ જીવાતનો નાશ કરવો લોકોને અશક્ય બન્યો છે. વધુમાં ઠંડી ચિજ કે ગળપણવાળી ચિજની નજીક જ રહેતી આ જીવાત અંગેના ચોક્કસ કારણો જાણી શકાયા નથી કે આ જીવાતથી થતાં આરોગ્યને નુકસાન બાબતે પણ હજુ સુધી તથ્યો બહાર આવ્યા નથી. પરંતુ શેરડીના સેન્ટરવાળા ધુમાડા કરી આ જીવાતને દૂર કરવાના પ્રયાસ ચોક્કસ કરે છે. છતાં પણ ઘેર ઘેર પહોંચેલી આ જીવાત માટે ઘરગથ્થુ કોઈ ઉપાય ન હોવાથી લોકો ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે. શેરડીનો રસ આરોગ્ય માટે શ્રેષ્ઠ છે. વળી ગરમીમાં રાહત આપનારો બને છે તે હકીકત છે પરંતુ તેની નકારાત્મક બાજુ એ ઉત્પન્ન થતી આ જીવાત હાલ તો શેરડીના રસની મજા બગાડી રહી છે.

# સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ માટે કોંગ્રેસ દ્વારા ચૂંટણી તૈયારીઓ આરંભાઈ

ગાંધીનગર, તા.૮

રાજયમાં આગામી દિવસોમાં યોજાનારી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણીઓ માટે ગુજરાત કોંગ્રેસ દ્વારા અત્યારથી ચૂંટણી તૈયારીઓ શરુ કરી દેવામાં આવી છે.

કોંગ્રેસ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજયની મહાપાલિકાઓ, નગરપાલિકાઓ જિલ્લા તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણીઓ આગામી નવેમ્બર-ડીસેમ્બરમાં યોજાનારી છે. આ ચૂંટણીઓ આડે હવે ગણતરીના મહિનાઓ જ બાકી રહ્યા છે.

અમદાવાદ પ્રદેશ કોંગ્રેસ કાર્યાલય ખાતે પ્રદેશ આગેવાનોની એક બેઠક મળી હતી. જેમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં કોંગ્રેસ સારો દેખાવ કરી શકે તે માટે સંગઠન માળખાને અને સંગઠનને વધુ મજબૂત બનાવવા ઉપરાંત ચૂંટણીઓ અંગેની વ્યુહરચના ઘડવા અંગે ચર્ચા વિચારણા કરીને રણનીતિ ઘડી કાઢવામાં આવી હોવાનું જાણવા મળે છે.

આગામી સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓમાં ૫૦ ટકા મહિલા અનામતના કાયદાનો પણ અમલ થનારો છે ત્યારે ૫૦ ટકા મહિલાઓને ટીકીટ આપવા માટ આજે કોંગ્રેસ મહિલા આગેવાનો અને કાર્યકરોની એક બેઠક મળી હતી. જેમાં મહીલા પાંખના સંગઠનને વધુ મજબૂત બનાવા માટે અને ૫૦ ટકા મહિલાઓને ટીકીટ આપવા અંગે પણ ચર્ચા વિચારણા કરીને વ્યુહરચના ઘડી કાઢવામાં આવી હોવાનું જાણવા મળે છે.

# સરકારી નોકરીમાં સેટીંગના બહાને લાખોનાં ઉઘરાણા

**જિલ્લા પંચાયતમાં કલાર્કની નોકરી અપાવવા રૂપિયા માંગનાર શખ્સને ગાંધીનગર એલસીબીએ મીનાબજારમાંથી ઝડપી પાડયો : કેટલા ઉમેદવારોના રૂપિયા લીધા અને મુખ્ય સુત્રધાર કોણ? તેની તપાસ શરૂ**

ગાંધીનગર, તા.૮

વિવિધ પોસ્ટ માટેની સરકારી નોકરીની ભરતી પ્રક્રિયા શરૂ થતા આ નોકરીઓમાં સેટીંગ કરાવી આપવાનું કહીને લાખોના ઉઘરાણા કરી લેતા લે ભાગુ તત્વો ગાંધીનગરમાં ફરતાં થઈ ગયા છે. આવા જ એક શખ્સને ગાંધીનગર એલસીબીની ટીમે મીના બજાર પાસેથી છટકું ગોઠવીને ઝડપી પાડયો છે. જિલ્લા પંચાયત કલાર્કની જગ્યા માટે સેટીંગ કરાવી આપવા તેણે રૂપિયા માંગીને નોકરી અપાવી દેવાની બાંહેધરી આપી હતી. આ શખ્સે કેટલા ઉમેદવારો પાસેથી ઉઘરાણા કર્યા છે અને તેનું કનેકશન કોની સાથે છે તે સહિતની તપાસ ગાંધીનગર એલસીબી ઈન્ચાર્જ અધિકારી આર.એન. વાઘેલાએ તપાસ શરુ કરી છે.

શહેરના સે-૭ ખાતે રહેતા અને ખાણ ખનીજ વિભાગમાં પ્યુન તરીકે ફરજ બજાવતા અશોકભાઈ આચાર્યના સાળાની દિકરીએ જિલ્લા પંચાયત કલાર્કની જાહેરાત માટે એપ્લીકેશન કરી હતી. તેણીને પાસ કરાવીને નોકરી અપાવી દેવાની બાંહેધરી આપી પંચમહાલના શહેરા વિસ્તારના દલવાડા ગામનો કનુ ધના વણકરે સેટીંગ કરવા પેટે રૂપિયા માંગ્યા હતાં. મહેસુલ વિભાગના

● અનુસંધાન પાન-૭ પર

# ભાજપના મહાસંપર્ક અભિયાનનો શુભારંભ



ભાજપે સભ્ય નોંધણી ઝુંબેશમાં વિશ્વ વિક્રમ સર્જ્યો... દેશમાં દસ કરોડથી વધુ સભ્ય ધરાવતી વિશ્વની સૌથી મોટી રાજકીય પાર્ટી ભારતીય જનતા પાર્ટી દ્વારા મહાસંપર્ક અભિયાનનો આરંભ કરાયો હતો. ભાજપના પ્રદેશ કાર્યાલય કમલમ્ ખાતે રાષ્ટ્રીય પ્રમુખ શ્રી અમીતભાઈ શાહ, મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ અને પ્રદેશ અધ્યક્ષ આર.સી. ફળદુના સાનિધ્યમાં યોજાયેલ કાર્યક્રમમાં દરેક જિલ્લામાંથી સૌથી વધુ સભ્યો નોંધનાર કાર્યકરોનું સન્માન કરાયું હતું. રાષ્ટ્રીય પ્રમુખ અમીતભાઈ શાહે કાર્યકરોને બિરદાવતા સૌની પીઠ થાબડી હતી અને જણાવ્યું હતું કે, માત્ર સભ્યો નોંધણીથી જ પક્ષ મજબૂત નથી બનતો પરંતુ દરેક સભ્યો સાથે સતત સંપર્ક જાળવવાની પ્રક્રિયા અનિવાર્ય છે. આનંદીબેન પટેલ અને આર. સી. ફળદુએ પણ સૌ સભ્યો સાથે સંપર્ક સતત રાખવાની અપીલ કરતા આગામી ચૂંટણીઓનો લક્ષ્યાંક સિદ્ધ કરવા હાંકલ પણ કરી હતી. આ પ્રસંગે રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પુરુષોત્તમ રૂપાલાએ કાર્યકરોને આગવી શૈલીમાં સંબોધિત કર્યા હતા.

# સીમલા-કુલુ-મનાલી ઉનાળુ વેકેશનમાં હોટ ફેવરીટ પ્લેસ

**ઉત્તર ભારતના જાણીતા હીલ સ્ટેશન તરફ ફરવા જવાનો ક્રેઝ વધ્યો : વિદેશમાં થાઈલેન્ડ-મલેશીયા પ્રથમ પસંદગી**

ગાંધીનગર, તા. ૮

ઉનાળાની કાળઝાળ ગરમી સૌને હેરાન-પરેશાન કરી મુકી છે. આથી ગરમીથી રાહત મળેતેવા હીલસ્ટેશનોએ હરવા ફરવા જવાનો ક્રેઝ વધ્યો છે. સિમલા, કુલુ, મનાલી જેવા હીલ સ્ટેશનોનું આકર્ષણ યથાવત રહેતા ગુજરાતીઓનો ભારે તે તરફ ભારે ઘસારો રહ્યો છે. જ્યારે સ્થાનિક વિસ્તારોમાં ગીર સહિત સમગ્ર સૌરાષ્ટ્ર પ્રવાસીઓમાં લોકપ્રિય છે.



ઉનાળુ વેકેશન પડે એટલે ઘણા પરિવારો હરવા ફરવા ઉપડી જાય છે. ગુજરાતમાં કાળઝાળ ગરમી પડી રહી છે ત્યારે ગરમીથી રાહત મળે તેવા સ્થળોએ હરવા ફરવા જવાનો ક્રેઝ વધ્યો છે.

અત્યારે ઉત્તર ભારતના હીલ સ્ટેશનો પર એકદમ ખુશનુમા વાતાવરણ હોય છે. હીલ સ્ટેશનોનું કુદરતી સૌંદર્ય સોળે કળાએ ખીલી ઉઠે છે. ગુજરાતના પ્રવાસીઓમાં સીમલા, કુલુ, મનાલી જેવા હીલસ્ટેશનોનું આકર્ષણ સૌથી વધુ રહ્યું છે. કાશમીર જવાનુ પણ ઘણા પ્રવાસીઓ ખુબ પસંદ કરે છે. ઉનાળુ વેકેશન દરમ્યાન ઉત્તર ભારત તરફ ગુજરાતના પ્રવાસીઓનો ખુબ ઘસારો રહેતા મોટા ભાગની હોટલો, ગેસ્ટહાઉસ હાઉસફુલ થઈ ગયા છે. દિલ્હીથી આ વિસ્તારો તરફ જવા માટે ટ્રેન, બસ, ટેક્સી જેવી ઘણી બધી સુવિધાઓ મળી રહેતા જે પ્રવાસીઓને સીધુ બુકીંગ ન મળ્યુ હોય તેઓ વાયા દિલ્હીથી થઈ આ

● અનુસંધાન પાન-૭ પર

# પીવાના પાણીના પ્રશ્નોના નિકાલ માટે ગાંધીનગર ખાતે કંટ્રોલરૂમ

ગાંધીનગર, તા.૮

રાજ્યના કોઈપણ વિસ્તારમાં પીવાના પાણીના પ્રશ્નો અંગેની રજૂઆત કે ફરિયાદ હોય તો ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા ગાંધીનગર ખાતે કાર્યરત કન્ટ્રોલરૂમ ખાતે રજૂઆત કરી શકશે. જલસેવા ભવન ખાતે કાર્યરત આ કન્ટ્રોલરૂમનો ટેલિફોન નંબર ૨૩૨૨૦૮૫૯ છે જ્યારે ફેક્સ નંબર ૨૩૨૨૫૯૭૯ છે. કોઈપણ નાગરિક અથવા સંસ્થા સવારે ૮.૦૦ થી રાત્રિના ૮.૦૦ વાગ્યા સુધીમાં પીવાના પાણીના પ્રશ્નો અંગેની ફરિયાદ નોંધાવી શકશે.

**કાર ડ્રાયવર જોઈએ છે**

દાદા ભગવાન અડાલજ ખાતે સાર્થક એટીપીએલ, બંગલા નં. ટી-૧૪ માટે કાર ડ્રાયવર જોઈએ છે.

સમય : સવારે ૭-૧૫ થી સાંજે ૭ સુધી

અડાલજ-ગાંધીનગરની આજુબાજુના રહીશ ડ્રાયવરે સમય લઈને રૂબરૂ મળવું.

મો. નં. ૯૮૨૫૧ ૨૬૯૮૯


**આવો, લીડર્સને ભવિષ્ય માટે તૈયાર કરીએ**




GANDHINAGAR International Public School
Gandhinagar • Denai

ગાંધીનગર ઇન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ

Affiliated to UNIVERSITY OF CAMBRIDGE
Gandhinagar-Mansa highway, Randheja, Gandhinagar - 382 620
Phone No : 079 23976821-22-23
Cell : +91 9925017160 | Web : www.gipschool.com
E-mail : gips.school@yahoo.com



- નર્સરીથી ધોરણ - ૧૨ વિજ્ઞાન પ્રવાહ, કોમર્સ પ્રવાહ (અંગ્રેજી/ગુજરાતી માધ્યમ)
- ૫૦,૦૦૦ ચો.મી.માં વિસ્તરેલું શાંત, હરિયાળું વાતાવરણ
- કેમ્બ્રીજ યુનિવર્સિટી સાથે સંલગ્ન
- હોસ્ટેલની ઉત્તમ સુવિધા - ગર્લ્સ/બોયસ્

Admissions Open From Nursery to 12th Sci-com Gujarati/English Medium

ADITYA BIRLA GROUP

લીકેજ-મુક્ત ઘરો માટે

UltraTech SEAL & DRY
Total Waterproofing Solution

Waterproofing ka champion

**શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ**
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર

કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.

મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT · KisaN · ashirvad C. PVC, UPVC · BENELAVE BATH FITTINGS · DR.FIXIT · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK500 TMT BARS - ISI

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com